પેઢીના પ્રમુખ સંવેગભાઈ લાલભાઈનો
એક ખુલ્લો પત્ર

કા.વ.૯
ગોરેગામ
તા.૨૮/૧૧ ગુરુવાર

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના પ્રમુખ સંવેગભાઈ લાલભાઈ
યોગ્ય ધર્મલાભ

તમારા જેવા શ્રેષ્ઠી કે જેમનું વર્તમાન જૈન સંઘમાં ભારે વર્ચસ્વ હોય તેને કહેવું સારું? કહેનાર સાધુ કુળ તરીકે શું ભેગા ઝળક્યા તો! નિંદાની હેલીઓ. અને કટાક્ષની ઝડીઓ કે બીજું કંઈ? આ બધું જાણ્યા કે અનુભવ્યા છતાં હૃદય તો ટાંકે ચઢાવ્યું છે. કારણ શાસન અને તીર્થોને બેલા ગુરુસ્થાનથી હૃદય વલોવાઈ રહ્યું છે જે આ ઉદ્ગારના એક માત્ર હેતુ છે. આ હૃદયમાંથી નીકળેલા આર્તનાદને સાંભળવો કે ફગાવવો એ તમારી મરજી છે. પ્રામાણિકતાથી તમારા અંતરાત્માને પૂછજો કે શું યોગ્ય છે?

વીર શાસનશાસનને કારણે મરણ પથારીએ પણ જેમણે તીર્થના વિનાશની ચિંતાથી અંતરના ઊંડા નિસાસા સાથે જ પરલોકગમન કર્યું હતું તે ગચ્છાધિપતિ પ્રભાવક પૂ. શ્રી મોહજિતવિજયજીના સોંપેલા તીર્થરક્ષાના કર્તવ્યને કદાચ હું પણ જિંદગીના અંત સુધી પૂર્ણ કરવા સક્ષમ નથી, તો મારે પણ લોહીના આંસુ હૃદયમાં ધારણ કરીને જ પરલોકપ્રયાણ કરવું પડે.

અલબત્ત આપની વાતોને પણ ફગાવી નાખવાની કે તોડવા મરોડવાની તમારી ચતુરાઈ અને શક્તિ ઘણી બળવાન છે.

પરંતુ તમારા અંતરાત્માને પૂછજો કે માત્ર સંઘ અને શાસનની ચિંતાઓથી નીકળેલા વર્તમાન કે ભૂતકાળના અનેક મહાત્માઓના અંતરના નિસાસા તમારા હૃદયની સંવેદનાને ઢંઢોળવામાં શું નિષ્ફળ જ રહેશે?

અંતમાં હૃદયના ઊંડાણમાંથી આવતી એક વાત જણાવું કે કદાચ તમને મારા પર ગુસ્સો આવે, મારી બાબતમાં નિંદા કરશો કે કરાવશો તેમાં મને વાંધો નથી પણ તમે તમારા આત્માના પરલોકની ચિંતા ભૂલી શાસન અને તીર્થોને નુકસાન થાય તેવું ન કરશો. નહીં તો ભારે ભવભ્રમણા ભોગવશો નહીં તેમ શાસ્ત્રો કહે છે. આ એક શુભભાવના પ્રેરિત તમારી અંગત ચિંતાથી વ્યાકુળ હૃદયનો ઉદ્ગાર છે. તેને મનન કરશો. અંતિમ ઉક્તિ સાથે પરમપદને શીઘ્ર પામો તેવી શુભાભિલાષા

દ. આ. વિજય યુગભૂષણસૂરિ



|| NAMO TITTHASSA ||

# GACCHADHIPATI (SPIRITUAL SOVEREIGN) JAINACHARYA SHRIMADVIJAY YUGBHUSHANSURI (PANDIT MAHARAJ SAHEB)

(અસલ પત્રની ટાઇપ કરેલ નકલ)

## પેઢીના પ્રમુખ સંવેગભાઈ લાલભાઈને
## એક ખુલ્લો પત્ર

કારતક વદ - ૯,
બોરિવલી, તા. 28-11. રવિવાર

**શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના પ્રમુખ સંવેગભાઈ લાલભાઈ**
યોગ્ય ધર્મલાભ.

તમારા જેવા શ્રેષ્ઠી કે જેમનું વર્તમાન જૈન સંઘમાં ભારે વર્ચસ્વ હોય તેને કડવું સત્ય કહેનાર સાધુ ફળ તરીકે શું મેળવી શકવાનો ? નિંદાની હેલીઓ અને કષ્ટોની ઝડીઓ કે બીજું કાંઈ ? આ બધું જાણવા કે અનુભવવા છતાં હસતાં મોઢે સ્વીકાર્યું છે. કારણ શાસન અને તીર્થોને થતા નુકસાનથી હૃદય વલોવાઈ રહ્યું છે. જે આ ઉદ્દ્ગારનો એકમાત્ર હેતુ છે. આ હૃદયમાંથી નીકળેલા આર્તનાદને સાંભળવો કે કચડવો એ તમારી મરજી છે. પ્રામાણિકતાથી તમારા અંતરાત્માને પૂછજો કે શું યોગ્ય છે ?

તીવ્ર શાસનરાગને કારણે મરણપથારીએ પણ જેમણે તીર્થોના વિનાશની ચિંતાથી અંતરના ઊંડા નિસાસા સાથે જ પરલોકગમન કર્યું હતું તે પ્રાવચનિકપ્રભાવક મુ. શ્રી મોહજીતવિજયજીના સોંપેલા તીર્થરક્ષાના કર્તવ્યને કદાચ હું પણ જિંદગીના અંત સુધી પૂર્ણ કરવા સક્ષમ ન બનું, તો મારે પણ લોહીના આંસુ હૃદયમાં ધરબીને જ પરલોક પ્રયાણ કરવું પડે. ખરેખર સાચી વાતોને પણ કચડી નાખવાની કે તોડવા મરોડવાની તમારી પુણ્યાઈ અને શક્તિ ઘણી બળવાન છે.

પરંતુ તમારા અંતરાત્માને પૂછજો કે માત્ર સંઘ અને શાસનની ચિંતામાંથી નીકળેલા વર્તમાન કે ભૂતકાળના અનેક મહાત્માઓના અંતરના નિસાસા તમારા હૃદયની સંવેદનાને ઢંઢોળવામાં શું નિષ્ફળ જ રહેશે ?

અંતમાં હૃદયના ઊંડાણમાંથી આવતી એક વાત જણાવું કે કદાચ તમને મારા પર ગુસ્સો આવે, મારી જાહેરમાં નિંદા કરશો કે કરાવશો તેમાં મને વાંધો નથી, પણ તમે તમારા આત્મા-પરલોકની ચિંતા ભૂલી શાસન અને તીર્થોને નુકસાન થાય તેવું ન કરશો, નહીં તો ભારે ભવભ્રમણ છોડશે નહીં તેમ શાસ્ત્રો કહે છે. આ એક શુભભાવના પ્રેરિત તમારી આત્મિક ચિંતાથી લખાયેલ હૃદયનો ઉદ્દ્ગાર છે, તેમ જાણશો. આત્મિક ઉન્નતિ સાથે પરમપદને શીઘ્ર પામો તેવી શુભાભિલાષા.

સહી

(ગ. આ. વિજય યુગભૂષણસૂરિ)

Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



**|| NAMO TITTHASSA ||**

## GACCHADHIPATI (SPIRITUAL SOVEREIGN)
# JAINACHARYA SHRIMADVIJAY
# YUGBHUSHANSURI
## (PANDIT MAHARAJ SAHEB)

વિ.સં. ૨૦૭૮, કારતક વદ - ૧૦,
શાસનપતિ વીરવિભુનો દીક્ષાકલ્યાણક દિન
તા. 29-11-2021, બોરિવલી, મુંબઇ
Ref.:202111G-2

# સકલ શ્રીસંઘ જોગ નિવેદન

**વિષય – તા. 24 નવેમ્બર 2021ના રોજ પેઢીએ જાહેર કરેલ સંઘ જોગ નિવેદન**

તા. 24 નવેમ્બર 2021ના રોજ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી ગુજરાતી અને હિન્દી ભાષામાં જાહેર થયેલ 'શ્રી સકળ સંઘને નિવેદન' જોવામાં આવ્યાં.

તેમાં સીધું નામ લીધા વિના પાલીતાણા સંબંધી જજમેન્ટ આદિના મેં જાહેર કરેલ તટસ્થ વિશ્લેષણને ભ્રામક, ઉશ્કેરણી ફેલાવનારાં વગેરે કહીને નિંદા કરવા પ્રયત્ન કર્યો હોય તેમ જણાય છે.

આમ તો, કોના તરફથી મીડિયા આદિમાં પ્રચાર થઈ રહ્યો છે, તે તેમાં મોઘમ રખાયું છે. પણ તે ખુલ્લી હકીકત છે કે, હમણાં મારા સિવાય અન્ય કોઈએ પણ સહી સાથે ત્રણ નિવેદન અને એક સ્પષ્ટીકરણ ત્રણ ભાષામાં જાહેર કર્યાં નથી.

પેઢીનું નિવેદન વાંચતાં સ્પષ્ટ જણાય છે કે, શાસન માટે જે ગંભીર જોખમ રૂપ મુદ્દાઓ મારા દ્વારા દર્શાવાયાં છે, તેનું આ નિવેદનમાં કોઈ જ સ્પષ્ટીકરણ કે ખુલાસો કરાયો નથી. વળી, તેનું સંતોષકારક સમાધાન આજ દિન સુધી મને વ્યક્તિગત રીતે પણ અપાયું નથી. તેના આધારે એવું સહેજે અનુમાન થાય કે, પોતાને સમગ્ર જૈન શ્વે. મૂ. પૂ. શ્રી સંઘના પ્રતિનિધિ તરીકે જાહેર કરતી સંસ્થા શાસનના ગંભીર પ્રશ્ને પગલાં લેવાની વાત તો જવા દો, પરંતુ ધર્માચાર્યને પણ સમુચિત ખુલાસો કરવાની જવાબદારી કે જરૂરિયાત માનતી નથી. ઊલટું, આડાઅવળા મુદ્દાઓ ઉપાડી કે મારા નિવેદનોને વિભિન્ન પ્રકારના ટાઇટલો આપી મૂળ ગંભીર હકીકતોને સાઇડલાઇન જ કરી રહી છે.

તેથી પાલિતાણા કેસ સંબંધી એફિડેવિટ આદિને કારણે હજુ શાસન ઉપર મોટા સંકટો ઘેરાયેલાં જ છે. તેનો યોગ્ય ખુલાસો કે યોગ્ય પગલાં બેમાંથી કોઈપણ દિશામાં સમુચિત કાર્યવાહી કરાઈ નથી. માટે 'પંડિત મહારાજના નિવેદનોનો પેઢીએ જવાબ આપી દીધો છે' તેવા ભ્રમમાં ન રહેવા સહુને ખાસ ભલામણ.

પ્રસ્તુત નિવેદનના અમુક મુદ્દાઓ ગંભીરતાથી વિચાર માંગે છે. તેનું વિહંગાવલોકન કરીશું.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



### નિવેદનો ભ્રામક કઈ રીતે ?

- 'શાસન માટે પેઢીનો પણ વિરોધ કરવો પડે, તો તેમાં કોઈ વાંધો નથી' તેવા જુસ્સા સાથે સ્વીકાર કરવા પૂર્વક પેઢીએ કરેલી વિનંતિથી તીર્થરક્ષાના કાર્યમાં જોડાયેલ મહાત્માએ, થોડાંક સમય પહેલાં જ જેમનું તીર્થરક્ષા સંબંધી માર્ગદર્શન પેઢીએ અત્યંત અગત્યનું ગણ્યું હતું તે જ ધર્માચાર્યે, તીર્થના હિત માટે જાહેરમાં પેઢીની ભૂલો દર્શાવી, એટલે તેમની વાતો ભ્રામક, ઉપજાવી કાઢેલી અને ઉશ્કેરણીજનક થઇ જાય, તે અત્યંત દુઃખદ બાબત દેખાય છે. કમ સે કમ તે નિવેદનો કઈ રીતે ભ્રામક છે કે તેની પાછળ કેવી રીતે બદઇરાદો છે, તે જાહેર કરવાની જરૂર નહોતી ?

### આધિકારિક કોણ ?

- તથ્યાત્મક પ્રશ્નો માટે યોગ્ય આધિકારિક પૂજ્યો સમક્ષ રજૂ કરવા પેઢી હંમેશા તૈયાર છે તેવો દાવો કરનાર પેઢી દ્વારા જેમણે મૂળથી પાલીતાણા કેસના મુદ્દા ઉઠાવ્યા છે, તે ગચ્છાધિપતિને હજુ સુધી કોઈ મૌખિક કે લેખિત ખુલાસા અપાયા નથી. તેનાથી શું એવું સૂચવાય છે કે, તીર્થંકરોએ જેઓને સર્વ અપવાદો સેવીને પણ તીર્થરક્ષા કરવાની જવાબદારી સોંપી છે, તેમાંના એક વિધિપૂર્વક થયેલા ગચ્છાધિપતિને પણ પેઢી આધિકારિક ગણવા હવે તૈયાર નથી ?

### ધર્માચાર્ય માટે જજમેન્ટ ?

- જજમેન્ટના હકારાત્મક પાસાંઓ જણાવવાપૂર્વક શાસન અને તીર્થની સુરક્ષા અર્થે કરાયેલ નિવેદન માટે 'શાબ્દિક જાળ', 'પેઢીને ઊતારી પાડવાનો પ્રયાસ', 'તથ્યોને તોડી-મરોડી દોષપૂર્ણ નજરે જોવાનું વલણ' જેવાં માત્ર વિધાનો કરી દેવાથી કઇ રીતે તે આક્ષેપો સિદ્ધ થાય ? પોતે પ્રસ્તુત ચર્ચામાં પક્ષકાર થઈને યોગ્ય કારણો રજૂ કર્યા વિના જ સીધું એક ધર્માચાર્ય માટે જજમેન્ટ આપી દે, તે કેટલું ઉચિત – ન્યાયી ગણાય ?

### ખોટો પ્રચાર

- જો પેઢીની ભૂલ જાહેરમાં દર્શાવાય તો તેમાં પેઢી પ્રત્યે દુર્ભાવ જ કારણ માની લેવાય અને તે પ્રચારને ખોટો જ ગણાય, તો આપણાં જે પૂર્વજોએ પેઢીની ભૂલોનો વિરોધ કર્યો છે, તેઓ પણ પેઢીના નિવેદન પ્રમાણે દુર્ભાવગ્રસ્ત અને ખોટો પ્રચાર કરનારા તરીકે ઠરે. આ તો 'સરકારની ભૂલ દેખાડે તે રાષ્ટ્રવિરોધી' જેવી નીતિ અપનાવાઇ રહી છે. 'જે પેઢીની ભૂલો કાઢે તે શાસનવિરોધી' આવા વલણથી તીર્થરક્ષાની ગંભીર વાતો કચડી નાંખવા જોર લગાવાઈ રહ્યું હોય તેમ દેખાય છે.

### સંદર્ભવિહીન અસંબદ્ધ વાતો

- મારા ત્રણે નિવેદનોમાં મેં મુદ્દાસર અને પ્રમાણપુરસ્સર રજૂઆત કરી છે. તેનાં યોગ્ય જવાબો પેઢીએ વ્યક્તિગત કે જાહેરમાં જણાવવા જોઈએ. તેના બદલે તે મુદ્દાસરની રજૂઆત માટે 'મારી-મચડીને કરાતી સંદર્ભવિહીન અસંબદ્ધ વાતોનો' આક્ષેપ કરી દેવાથી મારું અંગત નુકસાન કાંઈ નથી. પરંતુ શાસન અને



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



તીર્થને થનારી જંગી નુકસાનીમાં સામે ચાલીને ભાગીદારી વહોરવા બરાબર છે. વળી, જિનાજ્ઞા પ્રમાણે સર્વ સામર્થ્યથી એકલે હાથે ઝઝૂમનારા ધર્માચાર્ય માટે આવા આક્ષેપો કરતાં તેમને હૃદયે કંપારી પણ ન આવી ? શું કાતિલ ભવભ્રમણની ચિંતા પણ ભુલાઈ ગઈ ? આ પ્રશ્ન અંતરાત્માને પૂછવાની ખાસ જરૂર છે.

- પેઢીએ જાહેર કરેલા ગુજરાતી નિવેદનમાં '..... ઝુંબેશ ..... કદાચ નુકસાનકારક સાબિત થશે તો તે વખતે પેઢીએ જ કામ કરવાનું રહેશે.....' તેમ જણાવ્યું છે. જ્યારે હિંદી નિવેદનમાં કહેવાયું છે કે, '..... જજમેન્ટ નુકસાનકારક સાબિત થશે તે સમયે પેઢીએ કામ કરવાનું આવશે. તેવી ઝુંબેશ ચલાવાય છે.....' જો અમે મારી-મચડીને વાતો કરનારા હોત તો વાચકને સંશયમાં પાડી દે તેવા આ મોટા પ્રસ્તુતિદોષને લઈને આડું-અવળું અર્થઘટન કર્યું હોત. પરંતુ અમને આવા તુચ્છ મુદ્દાઓમાં જરાય રસ નથી. તે વિવેકી જનોએ ધ્યાનમાં રાખવા જેવું છે. બીજે પણ આખો ભાવાર્થ ફરી જાય તેવો તફાવત છે. તે પણ વિચારણા માંગે તેમ છે.

**જવાબદાર પેઢી !**

- તીર્થરક્ષા માટે જાગૃતિ લાવવા પ્રચાર કરનારને પેઢી બેજવાબદાર ઠેરવે છે અને પેઢી પોતે પોતાની જવાબદારી સમજે છે તેવો દાવો કરે છે. પરંતુ તીર્થના ગંભીર પ્રશ્નો પ્રત્યે ધ્યાન દોરનાર ધર્માચાર્યને પણ ખુલાસા ન આપે, ઊલટાં આક્ષેપો કરે તેમને જવાબદાર કઈ રીતે કહેવાં ? છતાં તેઓ પોતાની જવાબદારી બરાબર સમજવાની જાહેરાત કરતાં હોય તો તેમના પ્રતિનિધિ તરીકેના દાવા મુજબ તેમની કેટલી જવાબદારી આવે તેનું લિસ્ટ સકળ સંઘને જાણ કરવાની જરૂર છે.

**સોશિયલ મીડિયામાં ચર્ચા**

- એક બાજુ પેઢી પ્રતિજ્ઞા જાહેર કરે છે કે પેઢી ક્યારેય જાહેરમાં કે સોશિયલ મીડિયામાં ચર્ચા કે ખુલાસાઓ કરતી નથી અને બીજી બાજુ, આ નિવેદન સોશિયલ મીડિયામાં રજૂ કરવા–કરાવવા દ્વારા સ્વયં તે પ્રતિજ્ઞાનો ભંગ કરે છે. તેમાં પણ હજુ એવી વિચિત્રતા છે કે એક બાજુ ચતુર્વિધ સંઘની મર્યાદા જાળવવી તે પેઢીની પ્રાથમિકતા રૂપે સ્થાપિત કરાય છે, તો બીજી બાજુ જિનાજ્ઞાસાપેક્ષ રહીને તીર્થરક્ષાનો પ્રયાસ કરનારા એક ધર્માચાર્યને બદઇરાદાપૂર્વક પ્રવૃત્તિ કરનાર તરીકે પેઢીના લેટરહેડ ઉપર જ સોશિયલ મીડિયામાં પ્રચારિત કરાઈ રહ્યા છે. આ કેવી મર્યાદા સૂચવે છે ?

**ગીતાર્થ ગુરુઓનું માર્ગદર્શન લેવાયું ?**

- જો પેઢી વખતોવખત ગીતાર્થ ગુરુ ભગવંતોનું માર્ગદર્શન લેતી રહી છે, તો લગભગ 65 વર્ષ પહેલાં ખૂબ ગાજેલાં હરિજનપ્રવેશ મુદ્દે, પંદરેક વર્ષ પહેલાં શત્રુંજયના દાદાના જિનમંદિરને કેમિકલનું વિલેપન કરાવી દેવાના કે દાદાના મંદિરને ખોતરવાના પ્રસંગે કે પછી હમણાં બે વર્ષ પહેલાં ચાતુર્માસમાં સિદ્ધગિરિરાજ ઉપરથી જિનપ્રતિમાઓનું ઉત્થાપન કરાવી લેવા વગેરે પ્રસંગે શું પેઢીએ ગીતાર્થ ગુરુભગવંતોનું માર્ગદર્શન



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in



લીધું હતું ખરું? કે પછી તે વખતે તેમને તેની આવશ્યકતા નહોતી લાગતી ? કે ગીતાર્થ અને ગંભીર ગુરુ ભગવંતો ત્યારે હયાત નહોતાં ? કે તેવાં ગંભીર પ્રસંગોએ આ નિયમ લાગુ પડતો જ નથી ?

## પેઢીનું મૌન

- પેઢી વર્ષોથી જૈન સંઘમાં સુપરપાવરનું સ્થાન ભોગવે છે, તે પેઢી નબળી છે માટે મૌન છે તેવું માનનારો તો ખરેખર મૂર્ખ જ ઠરે. પેઢીના તરફદારો પેઢીને અણગમતી વાતોને જૂથબળથી દબાવી દેવામાં અત્યંત સક્ષમ જ છે. અરે ! પેઢીના proxy શ્રાવકો પણ એક ગચ્છાધિપતિની સત્યસભર હકીકતોને ઉપજાવી કાઢેલી ગણાવી શકે, હાસ્યાસ્પદ ઠરાવી શકે, ગંભીર મુદ્દાઓને પણ દબાવી શકે. ત્યાં પેઢીને મૌનભંગ કરવાની જરૂર ક્યાં રહે ? વળી, જો આ રીતે જ સત્ય હકીકતો કચડાઈ જતી હોય તો પેઢીના મૌનથી સ્વીકૃતિ ગણાઈ જવાની પણ ક્યાં ચિંતા રહે ?

## 300 વર્ષના પ્રયત્નો

- પેઢી જે 300 વર્ષના પ્રયત્નોનું ગૌરવ લઈ રહી છે, તે જ સમયગાળા દરમ્યાન શત્રુંજય – ગિરનાર – શિખરજી આદિ અનેક તીર્થો ઉપરના સંઘના પાયાના અને મહત્ત્વપૂર્ણ હક્કોનો પ્રભુ વીરે સોંપેલો વારસો આપણે ગુમાવ્યો છે અથવા તો ગુમાવવાના આરે પહોંચ્યો છે. આ હકીકતોના દસ્તાવેજો પેઢી પાસે છે જ. અને તે દસ્તાવેજો દબાયેલા હોવા છતાં આંશિક રીતે બહાર પણ આવ્યા જ છે. છતાં પેઢી પોતાના ભૂતકાલીન પ્રયત્નો માટે ગૌરવ જાહેર કરે છે ત્યારે ખેદસહિત આશ્ચર્ય થાય છે.

## નિષ્ઠામાં સંદેહ

- જે નિરૂપણ આધાર, ઐતિહાસિક હકીકતો અને પ્રસંગોના દાખલા-દલીલપૂર્વક કરાયું હતું, તેનાથી પણ જો નિષ્ઠા અંગે સંદેહ કર્યાનો આઘાત લાગ્યો હોય, તેથી આવું નિરૂપણ કરનાર વ્યક્તિ ખુલાસા જણાવવા માટે એકદમ અપાત્ર લાગતો હોય, તો ધર્માચાર્યની નિષ્ઠા માટે સીધો જાહેરમાં આક્ષેપ કરતાં હૃદયમાં કેમ કોઈ સંવેદના ન થઈ ? તે શાંતિથી વિચારવા જેવું છે.
- છેલ્લે જણાવેલી સભાના મુદ્દામાં પણ સભા અને સભાના નિર્ણયોની કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

આ. વિજયયુગભૂષણસૂરિ

(ગ. આ. વિજય યુગભૂષણસૂરિ)



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in